ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ 2023-24

ધોરણ-12 : નામાનાં મૂળતત્ત્વો (154) (સામાન્ય પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન (K)	સમજ (U)	ઉપયોજન (A)	સંયોજન / કૌશલ્ય (S)	કુલ ગુણ
ગુણ	35	30	25	10	100
ટકા (%)	35%	30%	25%	10%	100%

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		જનરલ વિકલ્પ વગર	જનરલ વિકલ્પ સાથે	
1.	હેતુલક્ષી પ્રશ્નો (O)	20	20	20
2.	અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA)	10	10	10
3.	ટૂંક જવાબી પ્રશ્નો (SA-I)	04	06	12
4.	ટૂંક જવાબી પ્રશ્નો (SA-II)	03	05	12
5.	લાંબા પ્રશ્નો (LA)	05	07	46
	કુલ	**42**	**48**	**100**

પ્રકરણદીઠ ગુણભાર :

ક્રમ	પાઠ / પ્રકરણનું નામ	પ્રકરણદીઠ ગુણભાર	
		જનરલ વિકલ્પ વગર	જનરલ વિકલ્પ સાથે
	ભાગ -1		
1	ભાગીદારી : વિષય પ્રવેશ	05	05
2	ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો	11	11
3	પાઘડીનું મૂલ્યાંકન	07	11
4	ભાગીદારીનું પુનર્ગઠન	06	06
5	ભાગીદારનો પ્રવેશ	10	18
6	ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ	10	10
7	ભાગીદારી પેઢીનું વિસર્જન	07	10
	ભાગ -2		
1	શેરમૂડીના હિસાબો	10	18
2	ડિબેન્ચરના હિસાબો	05	08
3	કંપનીના વાર્ષિક હિસાબો	11	11
4	નાણાકીય પત્રકોનું વિશ્લેષણ	06	06
5	હિસાબી ગુણોત્તરો અને વિશ્લેષણ	08	08
6	રોકડ પ્રવાહ પત્રક	04	08
	કુલ	**100**	**130**

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ 2023-24

ધોરણ-12 : નામાનાં મૂળતત્ત્વો (154) (સામાન્ય પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 100**

પ્રશ્ન ક્રમ	વિભાગ તથા પ્રશ્નની વિગત	ગુણ
1 થી 20	**વિભાગ-A** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ 4 (ચાર) વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ)	**20**
21 થી 30	**વિભાગ-B** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ)	**10**
31 થી 36	**વિભાગ-C** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 36 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 4 (ચાર) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)	**12**
37 થી 41	**વિભાગ-D** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 37 થી 41 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)	**12**
42 થી 46	**વિભાગ-E** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 42 થી 46 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેક પ્રશ્નના 8 ગુણ છે.)	**24**
47 થી 48	**વિભાગ-F** નીચે આપેલા પ્રશ્નક્રમાંક 47 થી 48 સુધીના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેક પ્રશ્નના 11 ગુણ છે.)	**22**
	કુલ ગુણ	**100**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ 2023-24

ધોરણ-12 : નામાનાં મૂળતત્ત્વો (154) (સામાન્ય પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

સૂચનાઓ:

i. આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ છે.

ii. ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.

iii. ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.

વિભાગ: A

- **નીચેના પ્રશ્નોમાં આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો જવાબ લખો. (દરેકનો 1 ગુણ)** **[20]**

1. જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજની જોગવાઈ કરવામાં ન આવી હોય, તો કેટલા ટકા વ્યાજ આપવું ?
   (A) 6 % (B) 9 % (C) 12 % (D) કાંઈ નહિ
2. ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ પેઢી માટે શું ગણાય?
   (A) ખર્ચ (B) દેવું (C) આવક (D) નુકસાન
3. જયાં વ્યક્તિગત કૌશલ્ય મહત્વનું હોય ત્યાં પાઘડી .... હોય છે.
   (A) વધુ (B) ઓછી (C) શૂન્ય (D) ઋણ
4. અધિક નફો એટલે ....
   (A) રોકાયેલી મૂડી - અપેક્ષિત નફો (B) અપેક્ષિત નફો - રોકાયેલી મૂડી
   (C) સરેરાશ નફો - અપેક્ષિત નફો (D) અપેક્ષિત નફો - સરેરાશ નફો
5. પુનઃમુલ્યાંકન ખાતાંનો નફો કે નુકશાન ભાગીદારો વચ્ચે કયાં પ્રમાણમાં વહેંચવામાં આવે છે ?
   (A) ત્યાગના પ્રમાણમાં (B) લાભના પ્રમાણમાં
   (C) નવા નફા-નુકશાનના પ્રમાણમાં (D) જૂના નફા-નુકશાનના પ્રમાણમાં
6. ભાગીદારી પેઢીનું પુનઃગઠન થાય ત્યારે .... બનાવવામાં આવે છે.
   (A) વેપાર ખાતું (B) પુનઃમૂલ્યાંકન ખાતું
   (C) માલમિલકત નિકાલ ખાતું (D) નફા-નુકશાન ફાળવણી ખાતું
7. હિસાબી ધોરણ 26 મુજબ .... પાઘડી ચોપડે દર્શાવી શકાય નહિ.
   (A) પાઘડી માટે ખરેખર અવેજ આપેલ હોય તેવી (B) સ્વ-મૂલ્યાંકન દ્વારા આંકવામાં આવેલ
   (C) (A) અને (B) બન્ને (D) (A) અને (B) બેમાંથી એક પણ નહિ
8. જ્યારે ફક્ત નફા-નુકસાનનું જૂનું પ્રમાણ જ આપેલ હોય ત્યારે જૂના ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ ....
   (A) સરખા હિસ્સે (B) જૂનું પ્રમાણ .
   (C) જૂનો ભાગ - નવો ભાગ (D) શોધી શકાય નહિ

9. શ્વેતા, ગીતા અને જ્યોતિ સરખા હિસ્સે નફો - નુકસાન વહેંચતા ભાગીદારો છે. ગીતા નિવૃત્ત થાય છે. ગીતાનો ભાગ શ્વેતા અને જ્યોતિને સરખે હિસ્સે મળે છે, તો શ્વેતા અને જ્યોતિનું નવું નફા - નુકસાનનું પ્રમાણ .... થશે.
(A) 3:1 (B) 2:1 (C) 1:2 (D) 1:1

10. ભાગીદારી પેઢીના વિસર્જન સમયે મિલકતોની ઊપજમાંથી સૌપ્રથમ કઈ ચૂકવણી કરવામાં આવે છે ?
(A) વિસર્જન-ખર્ચ (B) ભાગીદારની પત્નીની લોન
(C) ત્રાહિત પક્ષનાં દેવાં (D) ભાગીદારની લોન

11. વિસર્જન સમયે ભાગીદારી પેઢીની મિલકતો અને જવાબદારીઓની હિસાબી અસર આપવા માટે તૈયાર કરવામાં આવતું ખાતું ....
(A) નફા - નુકસાન ખાતું (B) નફા - નુકસાન ફાળવણી ખાતું
(C) પુનઃમૂલ્યાંકન ખાતું (D) સંપાદન ખાતું

12. ભારતમાં SEBI ની સ્થાપના કયા વર્ષમાં થઈ ?
(A) 1947 (B) 1932 (C) 1956 (D) 1991

13. જો જાહેર ભરણાંમાં અરજી વખતે બહાર પાડેલ શેર કરતાં .... ઓછા શેરની અરજીઓ આવે, તો શેરનું ભરણું રદ કરવામાં આવે છે.
(A) 50% થી (B) 75% થી (C) 90 % થી (D) 100% થી

14. ડિબેંચર એ કંપની માટે .... છે.
(A) મૂડી (B) લેણું (C) દેવું (D) મિલકત

15. નીચેનામાંથી ક્યું વિશ્લેષણ પક્ષકારો આધારિત વર્ગીકરણ દર્શાવે છે ?
(A) બાહ્ય વિશ્લેષણ (B) આડું વિશ્લેષણ
(C) ટૂંકા ગાળાનું વિશ્લેષણ (D) ઊભું વિશ્લેષણ

16. નાણાંકીય પત્રકોનું વિશ્લેષણ.....
(A) ફક્ત પરિણામો રજૂ કરે છે. (B) ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે.
(C) અર્થઘટન કરે છે. (D) ઉપરમાંથી એકેય નહિ.

17. ગુણોત્તરોની રજૂઆત ક્યા સ્વરૂપે થાય છે ?
(A) પ્રમાણના સ્વરૂપે (B) ટકાવારીના સ્વરૂપે (C) સમયના સ્વરૂપે (D) ઉપરના બધા

18. નીચેનામાંથી કયા ગુણોત્તરોનો સમાવેશ પ્રણાલિકાગત વર્ગીકરણમાં થાય છે ?
(A) મિશ્ર ગુણોત્તરો (B) તરલતાના ગુણોત્તરો
(C) નફાકારકતાના ગુણોત્તરો (D) સધ્ધરતાનાં ગુણોત્તરો

19. રોકડ પ્રવાહ પત્રકમાં કેટલી પ્રવૃત્તિઓ હોય છે ?
(A) પાંચ (B) ચાર (C) ત્રણ (D) બે

20. નીચેનામાંથી કયો વ્યવહાર હંમેશા કામગીરી પ્રવૃત્તિનો વ્યવહાર બને છે.
(A) લોનનું ચૂકવેલ વ્યાજ (B) મળેલ ડિવિડન્ડ
(C) ચૂકવેલ ડિવિડન્ડ (D) પગારનો ખર્ચ

વિભાગ : B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[10]**

21. પાઘડી એટલે શું ?
22. પુનઃમૂલ્યાંકન ખાતાંને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?
23. ભાગીદારની નિવૃત્તિના સંજોગો જણાવો.
24. ભાગીદારી પેઢીનું વિસર્જન એટલે શું?
25. પેઢીના વિસર્જન સમયે અગાઉ માંડી વાળેલ ઘાલખાધ પરત મળે ત્યારે તેની નોંધ કયા થાય છે ?
26. કંપનીધારા 2013 મુજબ કંપની કેટલા વર્ષની મુદતના ડિબેન્ચર બહાર પાડી શકે ?
27. ગુણોત્તર એટલે શું ?
28. વેચાણ પડતર એટલે શું ?
29. રોકડ પ્રવાહ પત્રક એટલે શું ?
30. રોકડ અને રોકડ સમકક્ષ એટલે શું ?

વિભાગ : C

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (છમાંથી કોઈપણ ચાર) (દરેકના 3 ગુણ)** **[12]**

31. લતા, ગીતા અને પ્રવીણા એક ભાગીદારી પેઢીના ભાગીદાર છે. નફાની વહેંચણી કર્યા પછી માલુમ પડ્યું કે ઉપાડ પર વ્યાજ અનુક્રમે ₹ 2,700, ₹ 1,200 અને ₹ 1,500 ગણવાનું રહી ગયું છે. ભૂલસુધારણા નોંધ લખો.
32. સચિન, રાહુલ અને રોહિત એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા-નુકશાનની ફાળવણીનું પ્રમાણ 1:2:2 છે. બધા જ ભાગીદારોએ નફા-નુકશાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 3:2:1 કરવાનું નક્કી કર્યું છે. ભાગીદારોએ કરેલ ત્યાગની ગણતરી કરો.
33. ટૂંકનોંધ લખો : માલ - મિલકત નિકાલ ખાતું.
34. નીચેના વ્યવહારની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો.
    - i. એક ભાગીદાર તેના શ્રીમંતીજીની પેઢીને આપેલ લોન ₹ 40,000 ચૂકવવાનું સ્વીકારે છે.
    - ii. પેઢીના વિસર્જન સમયે ચોપડે યંત્રો ₹ 2,00,000 બતાવેલ છે, ચોપડે કિંમત ઊપજે છે.
    - iii. કોઈ એક ભાગીદાર પેઢીના વિસર્જનની કાર્યવાહી કરવાની જવાબદારી સ્વીકારે છે. તેના બદલામાં તેને મહેનતાણાં તરીકે ₹ 20,000 ચૂકવવાનું નક્કી કર્યું છે. પેઢીએ તેને ખર્ચ પેટે ₹ 12,000 ચૂકવ્યા.
35. સત્યમ લિમિટેડે તા. 1-7-2021 ના રોજ ₹100 નો એક એવા 8 ટકાના 12,000 ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડ્યા. જે તા. 30-6-2027 ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 115 ની કિંમતે પરત કરવાના છે.
    કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. (બા.જે.વગર)
36. જસપ્રીત એપરલ લિમિટેડે ₹ 300 નો એક એવા 12% ના 6000 ડિબેન્ચર્સ બહાર પાડ્યા હતા. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે બહાર પાડેલા પોતાના 2500 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 280 ના ભાવે રોકાણ કરવા માટે બજારમાંથી ખરીદી લીધા. થોડા મહિના બાદ, કંપનીએ ખરીદેલા આ ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 310માં બજારમાં વેચી દીધા. ઉપરના વ્યવહારો પરથી જરૂરી આમનોધોં લખો.

વિભાગ : D

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો: (પાંચમાંથી કોઈ પણ ત્રણ) (દરેકના 4 ગુણ)** **[12]**

37. નીચેની માહિતી પરથી બાબુલાલ અને કાંતિલાલની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લાં પાંચ વર્ષના ભારિત સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

વર્ષ	2016-17	2017-18	2018-19	2019-20	2020-21
નફો (₹)	40,000	60,000	75,000	90,000	1,20,000

38. રાજેશ અને હરીશ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓની ભાગીદારી પેઢીના નફા તથા અન્ય માહિતીના આધારે ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાની બે વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

(1) રોકાયેલી મૂડી : ₹ 8,00,000 (2) અપેક્ષિત વળતરનો દર : 12%

(3) પાછલાં વર્ષોનો નફો :

વર્ષ	2018-19	2019-20	2020-21
નફો (₹)	1,20,000	90,000	1,50,000

39. બ્રાઈટ ઈન્ડિયા લિમિટેડનાં તા. 31-3-2020 અને 31-3-2021 નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવેલાં છે. તેના આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો.

તા. 31-3-2020 અને 31-3-2021 નાં રોજ પૂરા થતાં વર્ષનાં નફા-નુકસાનનાં પત્રકો

વિગતો	**નોંધ નંબર**	**31-3-2021 (₹ માં)**	**31-3-2020 (₹ માં)**
વેચાણની ઊપજો		16,00,000	14,00,000
અન્ય આવકો		3,00,000	2,50,000
ખર્ચાઓ		9,60,000	7,20,000
આવકવેરાનો દર 30% હતો.			

40. નીચે આપેલ વિગતોના આધારે ચાલુ ગુણોત્તર અને પ્રવાહી ગુણોત્તરની ગણતરી કરો :

વિગત	(₹)	વિગત	(₹)
સ્ટૉક	3,00,000	લેણાહૂંડી	75,000
દેવાદારો	2,50,000	ઘાલખાધ અનામત	20,000
રોકડ અને રોકડ સમકક્ષ	1,20,000	અગાઉથી ચૂકવેલ ખર્ચ	60,000
ફર્નિચર	1,60,000	લેણદારો	2,00,000
દેવી હૂંડી	60,000	ખર્ચા ચૂકવવાના બાકી	50,000
ટૂંકા ગાળાની લોન	40,000		

41. નીચે આપેલા વ્યવહારોના આધારે કામગીરીમાંથી ઉદ્ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો :

વિગત	(₹)
આવકવેરા પહેલાંનો નફો	99,000
આવકવેરાની જોગવાઈ	29,000
સૂચિત ડિવિડન્ડ	39,000
ઘસારો	22,000
ડિવિડન્ડ મળ્યું	21,000
વ્યાજ મળ્યું	20,000
વ્યાજ ચૂકવ્યું	28,000
પાઘડી માંડી વાળી	15,000
મિલકત વેચાણ નફો	12,000

વિભાગ : E

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો: (પાંચમાંથી કોઈપણ ત્રણ) (દરેકના 8 ગુણ)** **[24]**

42. પ્રેરણા અને પીયૂષ મૂડીના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-2021નું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

પાકું સરવૈયું

મૂડી-દેવાં		રકમ (₹)	મિલકત-લેણાં	રકમ (₹)
મૂડી ખાતાં:			મકાન	90,000
પ્રેરણા	50,000		ફર્નિચર	17,500
પીયૂષ	1,50,000	2,00,000	યંત્રો	1,07,500
અનામત ભંડોળ		30,000	સ્ટૉક	17,500
લેણદારો		40,000	દેવાદારો	30,000
ચૂકવવાના બાકી ખર્ચા		1,500	રોકડ-બેન્ક	8,250
			મળવાની બાકી આવક	750
		2,71,500		**2,71,500**

તા. 31-3-2021 ના રોજ પોયણીને નફામાં $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે પ્રવેશ આપ્યો.

(1) પોયણી મૂડી પેટે ₹ 62,500 અને તેના ભાગની પાઘડી પેટે ₹ 24,000 રોકડા લાવ્યા. પાઘડીની રકમમાંથી 60% રકમ જૂના ભાગીદારો તરત જ ઉપાડી જશે.

(2) સ્ટૉક અને યંત્રોની બજાર કિંમત ₹ 20,000 અને ₹ 1,20,000 છે.

(3) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત અને 2 % વટાવ અનામતની જોગવાઈ કરવો.

(4) લેણદારોને ₹ 30,000 ચૂકવવા પડશે.

(5) મકાનની કિંમતમાં 15% અને ફર્નિચરની કિંમતમાં 20% નો વધારો કરવો.

(6) ₹460 મજૂરીના ચૂકવવાના બાકી છે, જે ચોપડે નોંધેલ નથી.

ઉપરોક્ત માહિતી પરથી જરૂરી ખાતાં તૈયાર કરી નવું પાકું સરવૈયું તૈયાર કરો.

43. P અને Q 3:2 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2021ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

પાકું સરવૈયું

મૂડી-દેવાં		રકમ(₹)	મિલકત-લેણાં		રકમ(₹)
મૂડી ખાતાં			જમીન-મકાન		80,000
P	70,000		દેવાદારો	22,000	
Q	50,000	1,20,000	-ઘાલખાધ અનામત	2,000	20,000
પ્રોવિડન્ટ ફંડ		18,000	સ્ટૉક		36,000
લેણદારો		22,000	રોકડ		4,000
			પાઘડી		20,000
		1,60,000			**1,60,000**

ઉપરની તારીખે તેઓએ R ને નીચેની શરતોએ નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો.

(1) R મૂડી પેટે ₹ 60,000 રોકડા લાવશે.

(2) પેઢીની પાઘડીની કિંમત ₹ 30,000 નક્કી થઈ.

(3) R તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં લાવશે નહિં.

(4) જમીન-મકાનની કિંમત ₹ 90,000 ગણવી.

(5) દેવાદારો પર ઘાલખાધ અનામત 5% રાખવી.

(6) સ્ટૉકની કિંમતમાં ₹ 400 ઘટાડો કરવો.

(7) લેણદારોને ₹ 500 ચૂકવવાના નથી.

(8) બધા જ ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 5 : 2 : 3 નક્કી કર્યું

ઉપરની માહિતી પરથી પેઢીના ચોપડે જરૂરી ખાતાં નક્કી કરી પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

44. રોહિત, મોહિત અને વિરાટ 4:3:2 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2021ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

પાકું સરવૈયું

મૂડી-દેવાં		રકમ (₹)	મિલકત-લેણાં		રકમ (₹)
મૂડી ખાતાં:			પાઘડી		36,000
રોહિત	1,60,000		જમીન-મકાન		1,50,000
મોહિત	96,000		યંત્ર		90,000
વિરાટ	80,000	3,36,000	સ્ટૉક		85,000
અનામત ભંડોળ		45,000	દેવાદારો	60,000	
કામદાર વળતર અનામત		13,500	- ઘાલખાધ અનામત	4,000	56,000
રોહિત	10,000		બૅન્ક		63,000
મોહિત	16,000	26,000	જાહેરાત ઝુંબેશ ખર્ચ		4,500
લેણદારો		64,000			
		4,84,500			**4,84,500**

તા. 1-4-2021 ના રોજ રોહિત નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ છે.

(1) જમીન અને મકાનની કિંમત ₹ 1,80,000 ગણવી.

(2) યંત્રોની કિંમત ₹ 15,000 થી ઘટાડવી.

(3) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.

(4) લેણદારો પૈકી ₹ 5,000 ચૂકવવા પડશે નહિ.

(5) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 1,80,000 આંકવું

(6) મોહિત અને વિરાટનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1 રાખવું.

(7) રોહિતને ₹ 20,000 તરત જ ચૂકવવા અને બાકીની રકમ લોન તરીકે રાખવી.

પુનઃમુલ્યાંકન ખાતું, ભાગીદારોના મૂડી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકુ સરવૈયું તૈયાર કરો.

45. રાજ મશીન લિમિટેડે ₹10 નો એક એવા 12,00,000 ઈક્વિટી શૅર, બહાર પાડ્યા, જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :

અરજી વખતે શૅર દીઠ ₹ 3

મંજૂરી વખતે શૅર દીઠ ₹ 4

પ્રથમ અને આખરી હપ્તા વખતે શૅર દીઠ ₹ 3

કંપનીને જાહેર જનતામાંથી 14,70,000 શૅરની અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં પરત કરવામાં આવ્યાં.

આકાશ કે જેના 2000 શેર મંજૂર કરવામાં આવ્યા હતાં, તેણે મંજૂરી અને આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી. સની કે જેનાં 1200 શેર મંજુર કરવામાં આવ્યા હતા. તેમણે આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી.

કંપનીએ જે શેર પર હપ્તા બાકી હતા તે શેર જપ્ત કર્યા. જપ્ત કરેલા બધા શેર, શેર દીઠ ₹7 લેખે પુરા ભરપાઈ થયેલા ગણીને ફરી બહાર પાડ્યા, જે ધવલે ખરીદી લીધા. ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

46. નીચે આપેલી વિગતો પરથી કંપનીના ચોપડે શૅર જપ્તી અંગેની તેમજ જપ્ત થયેલા શૅર ફરી બહાર પાડવાની આમનોંધ લખો.

(i) ₹10 નો એક એવા 800 ઈક્વિટી શૅર ધારણ કરનાર એક શૅરહોલ્ડરે મંજૂરીના શૅરદીઠ ₹4 તથા હપ્તાના શૅરદીઠ ₹ 3 નહિ ચૂકવતાં કંપનીએ તેના શૅર જપ્ત કર્યા. શૅરહોલ્ડરે અરજી સમયે શૅરદીઠ ₹ 3 ભરેલા છે. જપ્ત થયેલા શૅર, શૅરદીઠ ₹ 8 લેખે ફરી બહાર પાડવામાં આવ્યા.

(ii) કેવલ કંપની લિમિટેડે ધર્મના દરેક ₹10 નો એક એવા 600 શૅર જપ્ત કર્યા હતા. ધર્મ એ શૅર અરજી તથા મંજૂરી પેટે દરેક શૅરદીઠ ₹ 5 ભર્યા હતા, જ્યારે પ્રથમ હપ્તાના અને બીજા હપ્તાના અનુક્રમે શૅરદીઠ ₹ 3 અને ₹ 2 ભર્યા ન હતા. તેમાંથી 400 શૅર દરેક શૅરદીઠ ₹ 6 ના ભાવથી પ્રાંશવને ફરી વેચ્યા હતા.

(iii) ₹10 નો એક એવા 3000 ઈક્વિટી શૅર ધારણ કરનાર એક શૅરહોલ્ડરે અરજી વખતે શૅરદીઠ ₹13 (₹10 ના પ્રીમિયમ સહિત) અને મંજૂરી વખતે શૅરદીઠ ₹13 (₹10 ના પ્રીમિયમ સહિત) ચૂકવેલ છે, જ્યારે હપ્તાના શૅરદીઠ ₹ 4 ન ચૂકવવાથી કંપનીએ તેના શૅર જપ્ત કર્યા. જપ્ત થયેલા શૅર, શૅરદીઠ ₹ 7 લેખે ફરી બહાર પાડ્યા.

વિભાગ : F

- **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપોઃ (દરેકના 11 ગુણ)** **[22]**

47. કૃપા અને કોમલ 3:2ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-03-2021ના રોજનું કાચું સરવૈયું અને હવાલા પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

કૃપા અને કોમલની ભાગીદારી પેઢીનું તા. 31-3-2021 ના રોજનું કાચું સરવૈયું

ઉધાર બાકીઓ	રકમ(₹)	જમા બાકીઓ	રકમ(₹)
ઉપાડઃ		મૂડી ખાતા :	
કૃપા	10,000	કૃપા	1,10,000
કોમલ	10,000	કોમલ	90,000
ભાડાપટ્ટાનું મકાન	1,20,000	કૃપાની લોન (તા.1-7-2020 થી)	1,00,000
(તા.1-4-20 થી 10 વર્ષ માટે)		લેણદારો	50,000
મશીનરી (ઓફિસ)	1,00,000	કમિશન	5,000
આપેલ વટાવ	700	દેવીહૂંડી	10,000
દેવાદારો	80,000	વેપાર ખાતે	1,94,500
		મળેલ વટાવ	800
જાવકમાલ ગાડા ભાડું	2,400		
ફર્નિચર - ફિક્ષ્ચર્સ	10,000		
પગાર	15,000		
ઘાલખાધ	2,400		
લેણીહૂંડી	40,000		
વેપાર ખર્ચ	11,800		
રોકડ સિલક	12,000		
સ્ટોક (તા. 31-3-21)	1,46,000		
	5,60,300		**5,60,300**

હવાલાઓ :

(1) મશીનરી પર 6% અને ફર્નિચર ફિક્ષ્ચર્સ પર 20% લેખે ઘસારો ગણો.

(2) દેવાદારોમાંથી ₹ 1,000 ઘાલખાધ માંડી વાળો.

(3) કૃપા અને કોમલને અનુક્રમે ₹10,000 અને ₹ 8,000 વાર્ષિક પગાર આપવાનો છે.

(4) ₹ 1,000 કમિશનના મળવાના બાકી છે.

(5) પગારના ₹ 6,000 ચૂકવવાના બાકી છે.

48. તા. 31-3-2021 ના રોજનું રોઝવુડ લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે:

વિગત		ઉધાર (₹)	જમા (₹)
ઈક્વિટી શેરમૂડી			2,40,000
ઓફિસ અને વેચાણ ખર્ચ		24,000	
ખરીદી		4,26,000	
10% ના ડિબેન્ચર			1,20,000
વેચાણ			9,60,000
સોફ્ટવેર		1,20,000	
મજૂરી		24,000	
ડિબેન્ચર વ્યાજ		12,000	
પગાર		3,00,000	
બેન્ક ઓવરડ્રાફ્ટ			14,400
જમીન-મકાન		2,28,000	
શરૂઆતનો સ્ટોક		36,000	
મળેલ વટાવ			15,600
દેવાદારો		1,80,000	
		13,50,000	**13,50,000**

અન્ય માહિતી :

(1) આખર સ્ટોક ₹ 42,000

(2) નફાના 50 % કરવેરાની જોગવાઈ કરો.

આપેલ વિગતો પરથી તા. 31-3-2021ના રોજ પૂરા થતાં વર્ષ માટે કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો. હિસાબોને લગતી નોંધો જરૂરી નથી.